## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આ સરકારી કવી કહે છે કે... લાલબત્તી વગરની સફેદ સરકારી ગાડી... એમને વિધવા સ્ત્રી જેવી લાગે છે...!!

# સિવિલના પાર્કીંગમાંથી ચોરીની રીક્ષા સાથે એક શખ્સ ઝડપાયો

## સોલા સિવિલથી એક વર્ષ પહેલા રીક્ષા ચોરી કરી હતી : નંબર પ્લેટ બદલીને રીક્ષા ફેરવતો હતો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબીની ટીમે સિવિલ હોસ્પિટલના પાર્કીંગમાંથી ચોરીની રીક્ષા સાથે કલોલ પ્રતાપપુરાના એક શખ્સને દબોચી




લીધો હતો. ચોરીની રીક્ષા સાથે પકડાયેલા શખ્સની ઉંડી પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ રીક્ષા તેણે એક વર્ષ પહેલા સોલા સિવિલ હોસ્પિટલ પાસેથી ચોરી કરી હતી અને ત્યારબાદ નંબરપ્લેટ બદલીને તે રીક્ષા ફેરવતો હતો. ચોરીની રીક્ષા સાથે તેની ધરપકડ કરી લઈ સોલા પોલીસને સોંપવા તજવીજ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હે.કો. જયવીરસિંહને બાતમી મળી હતી કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગમાં એક શખ્સ ચોરીની રીક્ષા સાથે ઉભો છે તેને આધારે ટીમે હોસ્પિટલ પાર્કીંગમાં જઈ કલોલ પ્રતાપપુરા વિસ્તારના કિશાન હાઉસીંગ સોસાયટીમાં રહેતા જશુ બાલુ ઠાકોરને પકડયો હતો. જીજે ૧૮ એ.સી. ૨૧૧૪ નંબરની રીક્ષા સાથે પકડાયેલા જશુની પાસેથી રીક્ષાના કાગળો માંગતા આપી શકયો ન હતો. તપાસ કરતાં આ રીક્ષાનો સાચો નંબર જીજે ૧ ડી.વાય.૫૫૨૨ હતો અને જશુ ઠાકોરે એકાદ વર્ષ અગાઉ સોલા સિવિલ પાસેથી આ રીક્ષાની ચોરી કરી લીધા બાદ નંબર પ્લેટ બદલી નાંખીને ગાંધીનગરમાં ફેરવતો હતો. રીક્ષા સાથે જશુની ધરપકડ કરી લઈ ગાંધીનગર એલસીબીની ટીમે સોલા પોલીસને મુદ્દામાલ તથા આરોપી સોંપવા ગતિવિધિ કરી છે.

# ઉવારસદ રોડ પર પદયાત્રીઓનું ઘોડાપુર ઉમટતા ટ્રાફિક જામ

## ડિંગુચા પાસેના કોઠા ગામે હડકશા માતાજીના પાંચ દિવસના ઉત્સવમાં જવા હજ્જારો શ્રદ્ધાળુઓની પદયાત્રા : પદયાત્રીઓ માટે સેવાકેન્દ્રો ઉભા થયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડિંગુચા પાસેના કોઠા ગામે હડકશા માતાજીનો પાંચ દિવસના ઉત્સવનો આજે છેલ્લો દિવસ હતો. આ ઉત્સવમાં સામેલ થવા છેલ્લા પાંચેક દિવસથી અમદાવાદ તથા ગાંધીનગર આસપાસના વિસ્તારના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં પગપાળા પદયાત્રા કરતા પહોંચ્યા હતા. આ પદયાત્રીઓની મોટી સંખ્યાને કારણે આજે અડાલજથી ઉવારસદ તરફના માર્ગે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઉનાળાના ધોમધખતા તડકામાં ભરબપોરે પણ આ માર્ગ પર પદયાત્રીઓનો માનવ મહેરામણ જોવા મળ્યો હતો. આ સાથે પદયાત્રીઓની સેવા માટેના સેવા કેમ્પો પણ






ધમધમતા જોવા મળ્યા હતા.

દર વર્ષે ચૈત્ર માસના છેલ્લા પાંચ દિવસ દરમ્યાન કોઠા ગામે હડકશા માતાજીના મંદિરે ઉત્સવ ઉજવાય છે. અમાસના દિવસે પૂર્ણ થતા આ ઉત્સવમાં હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. તેમાં દેવીપૂજક સમાજના શ્રદ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં હોય છે. કારણ કે હડકશા માતાજી દેવીપૂજક સમાજના કુળદેવી ગણાય છે. છેલ્લા પાંચ દિવસથી કોઠા ગામે ઉત્સવમાં સામેલ થવા ચારેય દિશામાંથી શ્રદ્ધાળુઓ પરિવાર સહિત પગપાળા અથવા વાહનો દ્વારા ઉમટી રહ્યાં છે. અમદાવાદથી ઉવારસદ થઈને વાયા નારદીપુરથી કોઠા જતાં માર્ગે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર જોવા મળી રહ્યુ છે.

આજે આખરી દિવસે ઉવારસદ માર્ગ પર શ્રધ્ધાળુઓ ધોમધખતા તડકામાં પણ પરિવાર સહિત અબાલવૃદ્ધ સૌ કોઈ ઉમટી પડતા ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. આ ટ્રાફિકને સોલ્વ કરતા ટ્રાફિક પોલીસને પણ પરસેવો છુટી ગયો હતો. જો કે પોલીસને ઉવારસદ તથા અન્ય ગામોના યુવા સ્વયંસેવકોની મદદ મળતા રાહત મળી હતી. શ્રદ્ધાળુ પદયાત્રીઓની સેવા માટે આ માર્ગ પર ઠેર ઠેર સેવાકેન્દ્રો પણ ચાલુ કરાયાં હતા જેમાં ઠંડા પાણીના પાઉચ, છાશ, આઈસક્રીમ, ચા-કોફી તથા નાસ્તાની અને જમવાની પણ સુવિધા પુરી પાડવામાં આવી રહી હતી.

# વિસનગર-કાંઠા શ્રધ્ધાના ધામે લાખો દેવીપૂજકો દર્શનાર્થે પ્રયાણ

ચિલોડા, તા. ૨૩

ચૈત્રવદના અંતમાં વિસનગર-કાંઠા ભાવિક દૈવીપૂજકોનું શ્રદ્ધાનું ધામ આકર્ષણનું કેન્દ્ર ગણાય છે. આ સ્થળે હડકાઈમાતાનુ ધાર્મિક શ્રદ્ધાના ધામમાં દર વર્ષે ગુજરાતભરના દૈવીપૂજક ભક્તો મા ના ધામે શીશ નમાવી બાધા-માનતા પૂર્ણ કરવા દૂર દૂરથી મોટી સંખ્યામાં વૃદ્ધો, મહિલાઓ, બાળકો, પગપાળા સંઘ દ્વારા દહેગામ ચિલોડા, ગાંધીનગર માર્ગ પર વિશાળ જનમેદની વાજતે-ગાજતે માના ધામે આનંદ-ઉમંગભેર પ્રયાણ કરતા હોય છે. ચિલોડા વિસ્તારમાં ધાર્મિક માહોલ સર્જાયો હતો. ચિલોડા-દહેગામ રોડ પુનમ બંગ્લોઝ સામે વિહત યુવકમંડળ દ્વારા ભોજન, પાણીની સુવિધા સાથે સેવાકેન્દ્ર ધમધમી રહ્યુ હતુ. આમ દર વર્ષની પરંપરા મુજબ લાખો દૈવીપૂજકો દર્શનાર્થે જઈ ધન્યતા અનુભવે છે.

# બ્રહ્મસમાજનો સમૂહ યજ્ઞોપવિત-લગ્નોત્સવ ઉલ્લાસપૂર્વક યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આજરોજ દ્વિતિય સમુહ યજ્ઞોપિવત સંસ્કાર મહોત્સવ અને સમૂહ લગ્નોત્સવનું આયોજન બ્રહ્મ ભવન સેકટર-૧૬ ખાતે કરાયું હતું. બ્રહ્મ ભવન ખાતે સવારથી જ વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાતા અનોખુ ધાર્મિક વાતાવરણનો માહોલ જામ્યો હતો. જયારે ધાર્મિક વિધી કરાવીને ૩૬ બટુકોને જનોઈ ધારણ કરી હતી અને ૧૩ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. જયારે બટુક યાત્રામાં ડી.જે. સંગીતના તાલે બ્રહ્મસમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઝુમી ઉઠ્યા હતા.જયારે લગ્નોત્સવ પ્રસંગે રાત્રીના સમયે યોજાયેલા ગરબામાં પણ મનભરીને ભાઈ બહેનો ગરબે ઘુમ્યા હતા. યજ્ઞોપવિત પ્રસંગે બટુકોને આશિર્વાદ આપવા શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ,ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ, કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી



નિશિત વ્યાસ, અર્ચના સૌરીન દવે અને સમાજના આગેવાનો સહિત મોટીસંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ચુંદડીવાળા માતાજી, ભુવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્ય ઘનશ્યામ મહારાજ અને ગૌ સેવા આયોગના ચૈતન્ય શંભુ મહારાજે બટુકો તેમજ નવયુગલોને ઉપસ્થિત રહીને આશિર્વાદ પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિર સ્થિત બ્રહ્મભવન ખાતે ગાંધીનગર બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા દ્વિતિય યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ અને સમુહ લગ્નોત્સવ પ્રસંગે હોવાથી સવારથી અનોખો માહોલ જોવા મળ્યો હતો. સવારે ૭ કલાકે ગણેશ સ્થાપન, મંડપ મુહુર્ત અને ગ્રહશાંતિ સવારે ૭.૩૦ કલાકે જયારે યજ્ઞોપવિત સંસ્કારની ધાર્મિક વિધી સવારે ૯ કલાકે યોજાઈ હતી. સમાજની સાક્ષીએ વૈદિક વિધિ પૂર્વક ૩૬ બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી દ્વિજ બન્યા હતા. ત્યારબાદ બપોરે ૧ કલાકે બટુક યાત્રા યોજાઈ હતી. જેમાં ડીજેના તાલે સૌ કોઈ ઝુમી ઉઠ્યા હતા.

જયારે સાંજે ૫ કલાકે ઘ માર્ગ પરથી બ્રહ્મ ભવન સુધી વરરાજાઓનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. સંગીતના સથવારે અને ઢોલના તાલે જાનૈયાઓ નાચતા બ્રહ્મ ભવન પહોંચ્યા હતા. સાંજે ૭ કલાકે હસ્ત મેળાપની વિધી પૂર્ણ થઈ હતી. જયારે રાત્રે ૯ કલાકે દિકરીઓની વિદાય પ્રસંગે સૌ કોઈની આંખ ભીની બની હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈ મહેમાનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર બ્રહ્મસમાજના કોર્પોરેટરો, બ્રહ્મ અગ્રણીઓ સહિત ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.જયારે યજ્ઞોપવિત અને સમૂહલગ્નોત્સવને સફળ બનાવવા માટે સમસ્ત ગાંધીનગર બ્રહ્મસમાજ, મહિલા પાંખ અને યુવા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.



**ચિલોડા વિસ્તારમાં ઉનાળુ બાજરીથી ખેતરો લહેરાયા**

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચોમાસામાં થતા વાવેતરની સરખામણીમાં જમીન ફળદ્રુપ અને ખેડૂતો કુશળ હોવા છતાં પિયત પાણીની સમસ્યાના કારણે શિયાળુ અને ઉનાળાનું વાવેતર દિન પ્રતિદિન ઘટતું જાય છે. ઉનાળાની સિઝનમાં ખેતી સાથે પશુપાલન માટે ઘાસચારાની સમસ્યાને લીધે બાજરી અને જુવારનું વાવેતર તરફ ખેડૂતો વધુ આકર્ષાયા છે. જુવારનું વધુ વાવેતર જોવા મળે છે. બીજા ક્રમે બાજરીનું વાવેતર આવે છે. મોટા ભાગે ઉનાળુ વાવેતર નહીવત થવા પામ્યું છે. પાણીના તળ ઉંડા ઉતરતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. શાકભાજીના વાવેતરમાં કાકડી, દૂધી થવા પામ્યું છે. દિન પ્રતિદિન શહેરીકરણ પ્રક્રિયાથી ઔદ્યોગિક એકમો, રસ્તાઓ, મકાનોથી ખેતીલાયક જમીન ઘટવાના સંજોગો સર્જાયા છે. સિંચાઈના અભાવે ખેડવાલાયક જમીન ખેડયા વગર તથા વાવેતર વિના પડી રહી છે. હાલમાં પાણીની સમસ્યા સાથે ઉનાળુ બાજરીથી ખેતરો લહેરાઈ રહ્યા છે.

# દેશમાં ભાજપ શાસિત રાજ્યોના ચીફ મિનિસ્ટર વચ્ચે ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવાની સ્પર્ધા

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

આવો, ગુજરાતમાં મૂડીરોકાણ કરો... ગુજરાત તમારા માટે છે... વેલકમ ટુ ગુજરાત... આવી શાબ્દિક અલંકારોથી સજ્જ ગુજરાત સરકારની અપીલ ને મોળો પ્રતિસાદ કેમ મળે છે તેનું આત્મમંથન કરવું પડે તેમ છે, કારણ કે હવે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો વચ્ચે ઉદ્યોગો ખેંચવાની તીવ્ર સ્પર્ધા શરૂ થઈ ચૂકી છે. ૧૪ રાજ્યોમાં ભાજપના મુખ્યપ્રધાનો છે જે પૈકી છત્તીસગઢ, રાજસ્થાન, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ઉદ્યોગો ખેંચાઈ રહ્યાં છે. ઈન્સેન્ટીવ ઉપરાંત આ રાજ્યો ઉદ્યોગો માટે ઝડપી મંજૂરીઓ આપવાનું પ્લેટફોર્મ બનાવી ચૂકી છે જ્યારે ગુજરાતમાં કહેવાય છે સિંગલ વિન્ડો પરંતુ અહીં ઘણીબધી વિન્ડો છે. છેવટે થાકીને ઉદ્યોગજૂથ બીજા રાજ્યમાં જવા માટે પ્રેરાય છે. ગુજરાત સરકાર તેની એક ટીમ અન્ય રાજ્યો કે જ્યાં ભાજપના મુખ્યપ્રધાન છે ત્યાં મિકેનિઝમ સમજવા માટે મોકલે તો ખબર પડશે કે ગુજરાત કેમ પાછળ છે.

**કોંગ્રેસને સીએમ કેન્ડિડેટ નહીં, ૧૮૨ મજબૂત ઉમેદવારોની જરૂર વધુ છે**

**મોદી આટલા સફળ કેમ બન્યા છે...**

સચિવાલયમાં એક સિનિયર ધારાસભ્ય ચૂંટણી ચર્ચાના મૂડમાં હતા. તેમને જ્યારે પૂછ્યું કે ૨૦૦૨ અને ત્યારપછીની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી આટલા બધાં સફળ કેમ થયા છે ત્યારે તેમણે તેનું સચોટ કારણ આપતાં કહ્યું હતું કે મોદી સત્તા આવ્યા પછીના બીજા વર્ષે જ નવી ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બની જાય છે. તેમની સફળતાનું આ સૌથી મોટું કારણ છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને હજી બે વર્ષની વાર છે છતાં મોદીએ તેના પાયા અત્યારથી જ નાંખી દીધા છે. મોદી વેલ ઈન એડવાન્સ છે એટલે તેઓ સફળ થાય છે, જ્યારે કોંગ્રેસ મોદીના પ્લાનથી જોજનો દૂર છે. ચૂંટણીમાં નોમિનેશન કરવાના અંતિમ દિવસ સુધી તો ઉમેદવારો પસંદ કરી શકતી નથી તેથી દર વખતે ચૂંટણીમાં માર ખાય છે. ગુજરાતમાં પરિણામ એ આવ્યું છે કે કોંગ્રેસે આટલા વર્ષોમાં ધીમે ધીમે તેની અસલ વોટબેન્ક અને મજબૂત વિસ્તારો ગુમાવી દીધા છે.

**નેશન ફર્સ્ટનો નારો ઇન્ડિયા માટે જોખમ...**

નેશન ફર્સ્ટનો નારો ઈન્ડિયા અને તેના ટેલેન્ટ માટે જોખમી બન્યો છે. પહેલાં અમેરિકા, પછી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ અને હવે સાઉદી અરેબિયાએ સ્થાનિક નોકરી માટેની ચળવળ શરૂ કરી છે ત્યારે ભારતનું ટેલેન્ટ હજારોની સંખ્યામાં નોકરી ગુમાવે તેવી સંભાવના છે. જો ભારત સરકાર તેનો મજબૂત પક્ષ નહીં રાખે તો વિશ્વના આ દેશો ભારતના યુવાનોની નોકરીઓ છીનવી લેશે. માત્ર નોકરીઓ જ નહીં, ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં ભારતને વધારે નુકશાન થાય તેમ છે. ભારતના મેઈક ઈન ઈન્ડિયાના નારાને સૌથી મોટો ફટકો પડવાની સંભાવના છે. આજે ભારતીય સમગ્ર વિશ્વમાં છવાયેલો છે. ભારતનું ટેલેન્ટ વિશ્વના મોટાભાગના દેશોમાં કી-રોલ અદા કરી રહ્યું છે. આપણે પણ આ દેશો પરથી બોધપાઠ લઈને નેશન ફર્સ્ટનો નારો આપવો પડે તેવી સ્થિતિ આવીને ઉભી રહી છે. હિન્દુસ્તાન એ વિશ્વનું સૌથી મોટું બજાર છે તે હકીકત વિશ્વના ફલક પર મૂકવા ઉપરાંત તેનો વધુને વધુ પ્રચાર કરવો જરૂરી બની ગયો છે. માત્ર વાતો કરવાથી કંઇ વળશે નહીં, આપણે પણ આપણો પાવર વિશ્વને બતાવવો પડશે.

**'ગુજરાત ફર્સ્ટ'નો નારો કેમ નહીં...**

ગુજરાતમાં ગુજરાતી યુવાનોને જ નોકરી મળતી નથી તે મોટી સમસ્યા છે. ઔદ્યોગિકરણની સાથે સાથે ગુજરાત સરકારે ૮૫ ટકા સ્થાનિક ભરતીને ફરજીયાત બનાવેલી છે પરંતુ ગુજરાતમાં સ્થપાઈ રહેલા મોટા પ્રોજેકટોમાં સર્વે કરીએ તો ગુજરાતીઓની સંખ્યા માંડ ૨૫ ટકા જેટલી જોવા મળે છે. ટાટા મોટર્સને સાણંદમાં નેનો કારના પ્રોજેક્ટ માટે જ્યારે જમીન આપવામાં આવી ત્યારે ટાટા મોટર્સે ૮૫ ટકા સ્થાનિક ભરતીનો સાફ શબ્દોમાં ઈન્કાર કરી દીધો હતો ત્યારે ગુજરાત સરકાર એક અક્ષર પણ બોલી શકી ન હતી. ગુજરાતમાં આવા કેટલાય પ્રોજેક્ટ્સ છે કે જ્યાં બિન ગુજરાતીઓનો દબદબો છે છતાં ગુજરાત સરકાર તેમનું કંઇ બગાડી શકતી નથી. ગુજરાતમાં કાયદો છે છતાં 'ગુજરાત ફર્સ્ટ'નું સૂત્ર કેમ નથી તે યુવાનોને પણ સમજાતું નથી.

**ડેવલપમેન્ટ બાદમાં, પહેલાં માર્ગો પરનો ટ્રાફિક હળવો બને તે જુઓ**

**ગુજરાતી ભાષા વિસરાતી જાય છે...**

ડિજીટલ ઈન્ડિયામાં ગુજરાતી ભાષા વિસરાતી જાય છે. પાર્ટીના પોસ્ટર્સ જોઈએ તો તેમાં પણ સ્પેલિંગની ભૂલો હોય છે. માર્ગો પરના સાઈન બોર્ડમાં ભૂલો જોવા મળે છે. ટીવીની સ્ક્રોલ ન્યૂઝમાં જોઈએ તો ભૂલોની પરંપરા સર્જાય છે. અખબારોમાં ભૂલોથી ભરેલા સમાચારો આવે છે. બોલવામાં ઉચ્ચારો બદલાઈ જાય છે. લખવામાં એટલી બધી ક્ષતિઓ હોય છે કે ઘણીવાર સમજણ પણ પડતી નથી. ફેસબુક પર મૂકવામાં આવેલી પોસ્ટમાં ઘણીવાર સાહિત્ય રસિકો પણ ભૂલો સર્જતા હોય છે. આપણે આપણી ગુજરાતી ભાષાને બરાબર બોલી શકતા નથી, બરાબર લખી શકતા નથી પછી આપણને ગુજરાતી હોવાનું ગૌરવ કેવી રીતે આપી શકાય... આ એક સમજવા જેવી વાત છે. ભાષાના ઉચ્ચારો અને સ્પેલિંગ ભૂલોથી ગુજરાતી ઘવાઈ છે. આપણે ગુજરાતમાં છીએ પણ ગુજરાતી હોવાનું ગૌરવ લઈ શકીએ તેમ નથી. ગુજરાતી ભાષાને બચાવવા માટે આપણા હાલના શિક્ષકો અને પ્રોફેસરોએ આત્મખોજ કરવી પડશે.

**નેશન ફર્સ્ટની હવા શરૂ થઇ છે - ગુજરાત ફર્સ્ટ ક્યારે આવશે તે બતાવો**

**બીજું ભૂલો, ટ્રાફિક સમસ્યાનો ઉકેલ શોધો...**

ગુજરાતના શહેરોમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ શોધવામાં નહીં આવે તો એક દિવસ એવો આવશે કે આપણે વાહનની સ્પીડ કરતાં ચાલતા વહેલા પહોંચી શકીશું. ખાસ કરીને અમદાવાદનો ટ્રાફિક વધુ સંવેદન બન્યો છે. ઓફિસ અવર્સ અને સાંજના શરૂ થતો ટ્રાફિક મોડી રાત સુધી અટકતો નથી. માર્ગો એટલા ભરાઇ ગયા હોય છે કે શહેરોમાં વાહનોના અકસ્માતો વધી ગયા છે. લોકોની ટ્રાફિક સેન્સ કેળવાઇ નથી. કાયદા છે પણ તેનું પાલન થતું નથી. નાના વાહનચાલકનો વાંક હોય છતાં મોટા વાહનચાલકો દંડાય છે. સરકારે ઝડપથી પબ્લિક ટ્રાન્સપોર્ટેશન અંગે વિચારવું પડશે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનો ટ્રાફિક એટલો બધો વધી ગયો છે કે મેટ્રોરેલ સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. ઘર થી ઓફિસ જવા સમયસર પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળે તો કોઇ પોતાનું વાહન ચલાવે નહીં. મુંબઇ અને દિલ્હીમાં નોકરીયાતો પાસે એકમાત્ર રેલ્વેનો ઉપાય છે પરંતુ અમદાવાદ-ગાંધીનગર બાકાત છે.

**કેનાલ ટ્રાન્સપોર્ટેશન શરૂ કરો, રાહ ન જુઓ...**

ગુજરાતમાં કેનાલ ટ્રાન્સપોર્ટેશન શક્ય છે. લાંબા અંતરની સફર કરવી હોય તો નર્મદાની કેનાલમાં પાણીમાં ચાલતા વાહનો ચલાવી શકાય છે પરંતુ તે ઝીરો પોલ્યુટેડ હોવા જરૂરી છે. હવે તો સોલાર સિસ્ટમથી ચાલતા કે બેટરી ઓપરેટેડ વાહનો મળે છે તેનો ગુજરાત સરકારે ઉપયોગ કરવો જોઈએ. હાઈવેનો ટ્રાફિક ઘટાડવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે. આપણે રિવરફ્રન્ટ બનાવ્યું પણ ત્યાં પાણીમાં ટ્રાન્સપોર્ટેશન પણ બનાવવું જોઈએ. સરકારે સરાહનીય કામગીરી રિવરફ્રન્ટમાં કરી છે અને તે વાડજ થી પાલડી સુધીના માર્ગની છે. રિવરફ્રન્ટની પેરેલલ જે માર્ગ બનાવ્યો છે તે સર્વોત્તમ છે જેના કારણે આશ્રમરોડનો ટ્રાફિક થોડો હળવો બન્યો છે. એવી જ રીતે એસજી હાઈવે પર બનાવેલા સર્વિસ રોડ પણ ઉત્તમ છે પરંતુ ગાંધીનગર થી સરખેજ સુધીનો સંપૂર્ણ સર્વિસ રોડ નથી. વૈશ્નોદેવી મંદિર થી સાયન્સ સિટી તરફ જતા માર્ગમાં આવતું ટોલબુથ કાઢી નાંખવું જરૂરી છે.

**સ્વચ્છતા અભિયાન સચિવાલયથી શરૂ કરો...**

સ્વચ્છ ભારતની દુહાઈ દેવામાં આવે છે પરંતુ આપણા સચિવાલય જોઈએ તો તે ગંદકીમાં ખદબદતા છે. પાન-મસાલાની પિચકારીથી ભરાયેલી દિવાલો અને ખૂણા અસ્વચ્છ છે. સચિવાલયમાં નકામું પડી રહેલું ફર્નિચર અને પાર્કિંગમાં પડી રહેલી જૂની પુરાણી સરકારી ગાડીઓ એ પણ એક ગંદકી છે. સરકારે તેના કર્મચારીઓને સપ્તાહમાં એક દિવસ સફાઇના કામમાં રોકવા જોઈએ. વિભાગોની સફાઈનું કામ વિભાગના વડાને અને જે તે પ્રધાનને સોંપી દેવું જોઈએ. મુખ્યપ્રધાન ઉદ્યોગ ભવન કે કૃષિ ભવનની મુલાકાત લેશે તો ખબર પડશે કે આ બન્ને કોમ્પલેક્સમાં કેટલી ગંદકી છે. બધી ઓફિસો જીએસપીસી ભવન જેવી નથી, કે જ્યાં તમને કચરો જોવા મળે નહીં. આ કોર્પોરેટ ઓફિસ છે. ઉદ્યોગ ભવનને પણ કોર્પોરેટ બનાવી શકાય છે પરંતુ સરકારનું ધ્યાન હજી ત્યાં ગયું નથી.

**કોંગ્રેસ પહેલાં મજબૂત ઉમેદવારો શોધે...**

ગુજરાત કોંગ્રેસમાં ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ બાબતે બબાલ શરૂ થઈ છે પરંતુ કોંગ્રેસને આ પદ માટે હાલ ચિંતા કરવાની જરૂર નથી, કોંગ્રેસને મજબૂત ઉમેદવારો શોધવાની પહેલ કરવી પડશે, કારણ કે ભાજપના ટારગેટ- ૧૫૦ પ્લસને પછાડવા માટે કોંગ્રેસ પાસે જીતી શકે તેવા સ્વચ્છ ઉમેદવારો હોવા જોઈએ. ચીફ મિનિસ્ટર તો કોઈને પણ બનાવી શકાય છે, પહેલા સત્તા આવવી જરૂરી છે. ૧૯૯૦ પછી કોંગ્રેસે કોઈ આત્મમંથન કર્યું નથી પરિણામે ગુજરાતમાં કોગ્રેસ સત્તાથી દૂર છે. એન્ટી ઈન્ટમબન્સી તો ૨૦૦૭ અને ૨૦૧૨માં પણ હતી પરંતુ તેનો કોંગ્રેસ ફાયદો લઈ શકી નથી. મહિલા અને યુવા ઉમેદવારો જ કોંગ્રેસને બચાવી શકે તેમ છે. હજી પણ ઉમેદવાર પસંદ કરવામાં કોંગ્રેસ પાસે સમય છે. જૂન મહિના સુધીમાં કોંગ્રેસે ઉમેદવારો પસંદ કરીને ૧૮૨ બેઠકોના નામો જાહેર કરી દેવા જોઈએ કે જેથી ઉમેદવારને પ્રચાર અને સ્ટેટેજી ગોઠવવાનો જરૂરી સમય મળી રહે.